**રાજકોટના મહે. ૧૭માં અધિક ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, રાજકોટ**

---

**ફોજદારી કેસ નં. ૭૨૫૦/૨૦૨૪**

**આંક –**

શ્રી સરકાર :::::::::::ફરિયાદી

વિ રૂ દ્ધ

યુનુસભાઈ અલારખાભાઈ શેખ ::::::::::::: આરોપી

ગુન્હો :– એમ. વી. એકટ ની કલમ –૧૮૫ તથા પ્રોહી કલમ ૬૬(૧)(બી) મુજબ.

**:: ચૂ કા દો ::**

/૧/ ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૩–૩–૨૪ ના રોજ આ કામના આરોપીએ કેફી પ્રવાહી પી કોઈ પાસ પરમીટ કે આધાર વગર પોતાના હસ્તકની આઈસર કંપનીનો જેના રજી. નં. જીજે.૦૧. જી.ટી.૩૩૬૯ વાળુ ચલાવી નીકળી, જાહેરમા પી નીકળી મળી આવતા એમ. વી. એકટ ની કલમ –૧૮૫ તથા પ્રોહી કલમ ૬૬(૧)(બી) મુજબ શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ. જે ગુન્હાની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા, જરૂરી તપાસના અંતે આરોપી સામેના ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

/૨/ આરોપી અદાલત સમક્ષ હાજર થતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી નોંધતા, આરોપીએ ગુન્હાનો ઈકરાર કરી, ગુન્હા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ કુટૂંબ કબીલાવાળા માણસ છે, ફરી ગુન્હો નહીં કરે, આ પ્રથમ ગુન્હો છે. જેથી દયા રાખવા અરજ કરેલ છે.

/૩/ આરોપીને ગુન્હાની શિક્ષાની સમજ આપવામાં આવેલ, તેમ છતાં ગુન્હો કબુલ મંજુર રાખેલ હોય, આરોપીની સ્વૈચ્છીક કબુલાતને ન માનવાને કોઈ કારણ નથી. આરોપીની કબુલાત પુરસીસની હકીકતો તથા અત્રેની અદાલત સમક્ષની રજુઆતો ધ્યાને લેતા, આરોપીઓને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ અન્વયે એમ. વી. એકટ ની કલમ -૧૮૫ તથા પ્રોહી કલમ ૬૬(૧)(બી) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી આરોપી દીઠ રૂા. <u>૨૦૦/-</u> (અંકે રૂપીયા બસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડની રકમ ન ભરે તો દિવસ-૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરૂ છું.

હુકમ આજરોજ તા. <u>૨૨</u> મી, માહે- જૂન, સને-૨૦૨૪ નાં રોજ લોક-અદાલત ના સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

DATE : 22-06-2024
PLACE: RAJKOT

(SHEETAL VENKATESON MUDALIAR)
17th ADDL CHIEF JUDICIAL MAGISTRATE
RAJKOT.
CODE NO.GJ01217